જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૭/૧૨/૨૦૧૮ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૭૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૫૦ લીટર દેશી દારૂ, ૧૭૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૭૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## બિનવારસી તાજી જન્મેલ બાળકી મળી આવી :- સમાચાર યાદી નં.૨૩૭૪/૧૮

**ગુજરાત યુનિવર્સીટીઃ** તા.૬/૧૨/૧૮ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે ગુજરાત યુનિવર્સિટી ગુલબાઇ ટેકરા, પાસપોર્ટ ઓફીસ નજીલ તાજી જન્મેલ બાળકી ત્યજી દિઘેલ જીવિત હાલતમાં ગુજરાત યુનિવર્સીટી પોલીસને મળી આવતા ગુજરાત યુનિવર્સીટી પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.કે.વાઘેલા ચલાવે છે.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૩૭૫/૧૮

**ચાંદખેડાઃ** જેતારામ મોટારામજી કુમાવત (ઉ.વ.૩૪) (રહે.ઝુંડાલ એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડની પાછળ રામદેવ માર્બલ પાસે ઝુંડાલ તા.જી.ગાંધીનગર) એ ત.૦૬/૧૨/૧૮ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ફેબ્રુઆરી-૨૦૧૪ થી સને ૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન તથા તા.૩/૧૧/૨૦૧૮ નારોજ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા વિસત-ગાંધીનગર હાઇવે, ડી-માર્ટની બાજુમાં આવેલ “શ્રી બાલાજી” કોમ્પ્લેક્ષમાં આવેલ “માનવ ઇન્ફ્રાસ્ટ્રક્ચર” પ્રા.લી. કંપની તથા “નીસ્વી ઇન્ફ્રાસ્ટ્રક્ચર” પ્રા.લી.કંપનીની ઓફીસ ખાતે આરોપી આશીષ જ્યંતિલાલ શાહ (રહે. રામનગર પુખરાજ હોસ્પિટલ પાછળ સાબરમતી) એ અલગ-અલગ સાઇટોમાં ફર્નિચરના કામનો કરાર કરી કુલ રૂપિયા ૯૫,૦૦,૦૦૦/- નું કામ કરાવી, તે કામ પેટેના રૂપિયા ૩૧,૦૦,૦૦૦/- આપ્યા બાદ બાકી નિકળતા કુલ રૂપિયા ૬૪,૦૦,૦૦૦/- નહીં ચુકવી, જેતારામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** પરિક્ષીત રામેશ્વર ઠક્કર (ઉ.વ.૨૭) (રહે,ગોયલ કોમ્પલેક્ષ, સંદેશ પ્રેસની બાજુમાં વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૨/૧૮ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર ગોયલ કોમ્પલેક્ષમાં દુકાન નંબર યુ.જી.એફ.-૧૫ ખાતે આરોપી સુરેશકુમાર કીશનચન્દ્ર જેઠવાની (રહે,વિશ્વાસસીટી-૨, આર.સી. ટેકનીકલ રોડ) ને પરિક્ષીતભાઇ એ રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- તથા હોન્ડા ડીઓ મોટર સાયકલ નંબર જીજે.૦૧.એમ.ડબલ્યુ.૮૭૪૮ આપેલ હતુ. જે પરત નહીં આપી, પરીક્ષીતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**સોનાનો દોરો ખેચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૩૭૬/૧૮**

**એરપોર્ટઃ** રાકેશભાઇ બાબુભાઇ પંચાલ (ઉ.વ.૨૪) (રહે,મોડાસાનગર માયા સિનેમા રોડ કુબેરનગર) તા.૪/૧૨/૧૮ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઇન્દીરાબ્રીજ ઉપરથી પસાર થઇ રહ્યા હતા ત્યારે ત્રણ અજાણ્યા પુરૂષ (૨૦ થી ૨૮ વર્ષના આશરાના) એ રાકેશભાઇના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રાકેશભાઇ પંચાલે તા.૬/૧૨/૧૮ નારોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એસ.ચંપાવત ચલાવે છે.

**વાસણાઃ** વર્ષાબહેન વા/ઓ રમેશભાઇ વઘેડીયા (ઉ.વ.૬૩) (રહે.મોક્ષ રાજવીલા, લાવણ્ય સોસાયટી પાસે જીવરાજ મહેતા હોસ્પીટલ રોડ વાસણા) એ તા.૦૬/૧૨/૧૮ નારોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૧/૧૮ કલાક ૧૧/૧૫ થી ૧૧/૩૦ દરમ્યાન પોતાના ઘર નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યો પુરૂષ વર્ષાબહેનના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સહિત કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.વાય.બારોટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૭૭/૧૮**

**બાપુનગરઃ** કમળાબહેન વા/ઓ શાંતિલાલ પરમાર (ઉ.વ.૩૫) (રહે.ચુવાળનગરના છાપરા જમનાનગર પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૬/૧૨/૧૮ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.રાઠોડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.